વાંઝા સોસાયટી ઑફ લંડનનો પચાસ પૂરા કરી એકાવનમા વર્ષમાં મંગલ પ્રવેશ



અહેવાલઃ વલ્લભ નાંઢા



કોઈ પણ હિંદુ સામાજિક કે જ્ઞાતિ સંસ્થા ૫૦ વર્ષની લાંબી મજલ કાપે ત્યારે તેને માત્ર એક સીમાચિહન નહીં, પરંતુ એક ઊંડા સાંસ્કૃતિક-અધ્યાત્મિક કે સામાજિક મહોત્સવ તરીકે જ મૂલવવો જોઈએ. સમાજસેવાને વરેલી વિશ્વની લગભગ તમામ સંસ્થાઓ આ ગૌરવરૂપ સુવર્ણ મહોત્સવ ઉજવે છે. આ પચાસના આંકડાનું આટલું બધું મહત્ત્વ કેમ છે ? તેને શામાટે મહત્વરૂપ ગણી આટલા ઠાઠથી ઉજવવામાં આવે છે? તેને ઉજવવા માટે શામાટે શાનદાર કાર્યક્રમો યોજવામાં આવે છે અને આ કાર્યક્રમને યાદગાર બનાવવા આટલી જહેમત શા માટે ઉઠાવવામાં આવે છે? આપણા મનમાં પ્રશ્નો ઊભા થાય છે અને વિરમી જાય છે.

૫૦ વર્ષના સ્થાપના કાળને ચિરસ્મરણીય બનાવવામાં આવે છે તેનું કારણ એ છે કે આ પ્રસંગે જે તે સંસ્થાના સ્થાપકો, વરિષ્ઠો અને સેવકોના ત્યાગ, પરિશ્રમ, અને સમર્પણને યાદ કરી એમની મૂક સેવાઓને માન આપવામાં આવતું હોય છે. આ ઉજવણી જ્ઞાતિસંસ્થાની લાંબી અને પ્રેરણાદાયી યાત્રા દરમિયાન આપણા સમાજે કરેલી પ્રગતિ, પ્રાપ્તિ અને અધૂરાં રહી ગયેલાં કામોને સફળતાની ઉંચાઈઓ સુધી પહોંચાડવાની આપણી ધગશને બળવતર બનાવતી ક્ષણ છે.

પચાસની ઉજવણી દ્વારા સંસ્કૃતિ અને સંસ્કારની પરંપરા મજબૂત બને છે. ભજન, કીર્તન,ધાર્મિક કાર્યક્રમો અને સાંસ્કૃત્તિક રજૂઆતોને આપણી યુવા પેઢી સુધી પહોંચાડવાની અમૂલ્ય તક મળે છે. સભ્યોમાં એકતા, પ્રીતિ અને સહકારની ભાવના વધારી જૂના-નવા સભ્યોનું મિલન કરાવે છે. અને આ રીતે સામૂહિક ગૌરવનો ભાવ વિકસે છે.

વર્તમાન સમયમાં યુવા પેઢીએ પોતાની ઓળખ જાળવી રાખી આપણાં સનાતન મૂળ સાથે જોડાઈ રહેવું જરૂરી છે. સુવર્ણજયંતિ એમને બતાવે છે કે, સમાજમાં એમના પૂર્વજોના મૂલ્યોનું મહત્ત્વ શું હતું? જ્ઞાતિ સમાજના કાર્યોમાં આગળ રહી સેવા,સંસ્કૃત્તિ અને આપણા પરંપારિક વારસાને જાળવવાનું ઉતરદાયિત્વ શી રીતે જાળવી રાખ્યું હતું? એ જાણવાની તક આપે છે. આ ઉજવણી ભૂતકાળની સફળતાનો આનંદ જ નહિ પરંતુ ઉજળા ભવિષ્ય માટેના સંકલ્પો કરવાનો પણ અવસર પૂરો પાડે છે. અને ભવિષ્યમાં આવનારા પડકારો સામે લડવાને બળ શક્તિ આપે છે. યુવા નેતૃત્વને પ્રોત્સાહન આપવાની પણ આ ક્ષણ બને છે. પચાસ વર્ષની ઉજવણી ભૂતકાળ પ્રત્યે કૃતજ્ઞતા, વર્તમાન પ્રત્યે પ્રતિબદ્ધતા અને ભવિષ્ય માટે પ્રેરણા લઈને આવે છે.

આ વર્ષ વાંઝા સોસાયટી ઓફ લંડન માટે એક ઐતિહાસિક ક્ષણ છે. કારણ કે આપણે ગૌરવપૂર્વક આપણી સંસ્થાની સ્થાપનાને ૫૦ વર્ષ પૂરા થયાના સુવર્ણકાળમાથી પસાર થઈ ચૂક્યાં છીએ. અને મને આશા છે કે વાંઝા સોસાયટી ઓફ લંડનના આગેવાનો આ પ્રસંગને યાદગાર બનાવવા સારુ કોઈ કસર નહીં છોડે!

અડધી સદી પહેલાં થોડા દ્રષ્ટિવંત જ્ઞાતિબંધુઓએ એક સ્વપ્ન જોયું હતું- પોતિકી જ્ઞાતિ સંસ્થાના મૂળિયાં નાંખવાનું! યુ.કે.માં વસ્તા વાંઝા પરિવારોને એક સૂત્રે બાંધી એક છત્ર નીચે સંગઠિત કરી એક વાંઝા જ્ઞાતિની સંસ્થા સ્થાપવાનુ એ સોલણું હતું! જેથી આપણી વાંઝા જ્ઞાતિની પરંપરા જળવાઈ રહે, આપણી એકતા મજબૂત થાય અને સર્વને ઘર જેવી લાગણી ઉત્પન્ન થાય.

૧૯૭૫ની સાલમાં વાંઝા જ્ઞાતિના કેટલાક

ભાઈબહેનો વેમ્બલી અને નીસડન વિસ્તારની મધ્યે ૨૮ ઑલ્ડ ચર્ચ રોડ પર આવેલ સેટ એન્ડ્રુઝ હોલમાં ભેગા થયા હતા અને વાંઝા જ્ઞાતિની સ્થાપના કરવા માટે આ ભાઈઓએ પ્રસ્તાવ રજૂ કર્યો હતો. ઉપસ્થિત જ્ઞાતિબંધુઓ તરફથી લીલી ઝંડી મળી જતાં એ દિવસે સ્વ. દેવજીભાઈ ભોવાન ભુંડિયાની કામચલાઉ અધ્યક્ષિયતામાં નવી સંસ્થાના કારોબારી સમિતિના સભ્યોની ચૂંટણી કરવામાં આવી હતી અને સંસ્થાને શ્રી વાંઝા સોસાયટી ઓફ લંડન નામાભિધાન મળ્યું હતું. શ્રી જેરામભાઈ મેઘજી વાઘેલા સંસ્થાના પ્રથમ ચેરમેન તરીકે સર્વાનુમતે ચુંટાઈ આવ્યા હતા. આમ વાંઝા સોસાયટી ઓફ લંડનની સ્થાપના ૧૪ સપ્ટેમ્બર ૧૯૭૫ના રોજ કરવામાં આવી હતી. ત્યાર પછી આ સંસ્થાને ચેરિટીના ચોપડે નોંધાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી. બંધારણનો કાચો મુસદ્દો ૫ મે ૧૯૭૬ના રોજ ઘડવામાં આવ્યો હતો. ત્યાર પછી ભાઈશ્રી નરસી વાલજી પરમારની અથાગ મહેનતના પરિણામે આ સંસ્થા ચેરિટી કમિશનના ચોપડે ૧૫મી જૂન ૧૯૮૪ના રોજ ચેરિટી સંસ્થા તરીકે નોંધાઈ હતી. એ વખતે શ્રી કાંતિભાઈ નાનજી માંડલિયા વાંઝા સોસાયટી ઓફ લંડનના ચેરમેન હતા અને નરસીભાઈ વાંઝા સોસાયટી ઓફ લંડનના મંત્રી હતા. આ બંધારણનો સ્વીકાર કરવા વાંઝા સોસાયટી ઓફ લંડન તરફથી એક વિશેષ સાધારણ બેઠક ઈસ્ટલેનની વેમ્બલી હાઈ સ્કૂલમાં બોલાવવામાં આવી હતી અને એ બેઠકમાં આ બંધારણને સ્વીકારવા માટે ભાઈશ્રી કિશોર ઓધવજી દાવડ્રાએ પ્રસ્તાવ મૂક્યો હતો જેને શ્રી વલ્લભદાસ વસરામ નાંઢાએ ટેકો આપ્યો હતો. એ પછી બંધારણને સર્વાનુમતે પસાર કરી સ્વીકારી લેવામાં આવ્યું હતું. પછીના વર્ષોમાં વાંઝા સોસાયટી ઓફ લંડનની ચેરમેનશીપ સંભાળવાનો જે મહાનુભવોને મોકો મળ્યો હતો તેની યાદિ નીચે મુજબ આપી છે::-

૧૯૭૮-૧૯૭૯	શ્રી મણીલાલ છગનલાલ બોરખતરીઆ.
૧૯૭૯- ૧૯૮૧	શ્રી કાંતિલાલ હીરજી ગોહિલ.
૧૯૮૧-૧૯૮૩	શ્રી ચુનિલાલ વેલજી ચાવડા
૧૯૮૩-૧૯૮૭	શ્રી કાંતિલાલ નાનજી માંડલિયા,
૧૯૮૭-૧૯૮૮	શ્રી કાંતિલાલ હીરજી ગોહિલ.
૧૯૮૮-૧૯૯૧	શ્રી હીરાલાલ નાનજી પરમાર
૧૯૯૧-૧૯૯૨	શ્રી મધુસુદન દિવેચા
૧૯૯૨- ૧૯૯૬	શ્રી હીરાલાલ નાનજી પરમાર
૧૯૯૬	શ્રી અરુણભાઈ જેઠાલાલ ટાંક.
૧૯૯૬- ૨૦૦૦	શ્રી કિશોર ઓધવજી દાવડ્રા
૨૦૦૦	શ્રી હીરાલાલ નાનજી પરમાર
૨૦૦૩-૨૦૦૫	શ્રી જયંતિલાલ ગાંગજી ભુંડિયા
૨૦૦૫- ૨૦૦૮	શ્રી મહેશ મથુર સોનીગ્રા
૨૦૦૮-૨૦૧૦	શ્રી અરવિંદ પોપટલાલ સોલંકી
૨૦૧૦-૨૦૧૧	શ્રી કિશોર ઓધવજી દાવડ્રા
૨૦૧૧-૨૦૧૩	શ્રી દિલન અશ્વિન વાઘેલા
૨૦૧૩-૨૦૧૬	શ્રી અરવિંદ પોપટલાલ સોલંકી
૨૦૧૬- ૨૦૧૮	શ્રીમતી હર્ષદા ધરમેન્દ્ર માંડલિયા
૨૦૧૮-૨૦૨૧	શ્રી મહેશ મથુર સોનીગ્રા
૨૦૨૧-અત્યારે ચાલુ	શ્રીમતી હર્ષિદા વિનોદ ટેઈલર

સંસ્થા સરકારી ચોપડે નોંધાઈ ગયા પછી સંસ્થાની જવાબદારીઓ વધી હતી અને એ સાથે નવરાત્રી અને દિવાળી જેવા તહેવારોની ઉજવણીઓનો વ્યાપ પણ વધવા લાગ્યો હતો. એ દિવસોમાં દિવાળી અને નવરાત્રીના ઉત્સવો હેરો લેઝર સેંન્ટરમાં ઉજવવામાં આવતા અને તેમાં હાજરી આપવા સભ્યો દૂર દૂરથી બબ્બે બસો અને ટ્રેનો બદલીને હેરો લેઝર સેંન્ટર પહોંચી જતા અને હેરો લેઝર સેંન્ટરનો બાયરન હૉલ જ્ઞાતિ બંધુ બહેનોની હાજરીથી ખીચોખીચ બની જતો. એ વખતે શ્રી હીરાલાલભાઈ નાનજી પરમાર, સવિતાબેન લાલજી જેઠવા અને વિનોદભાઈ મેઘજી ગોહિલ રાસ અને ગરબી ગવડાવતા અને એ દિવસોમાં ગરબાની એવી રમઝટ જામતી કે રમનારાં અને જોનારાં તેને ભરપૂર માણતા. દિવાળીનો કાર્યક્રમ પણ બાયરન હૉલમાં ઉજવાતો અને આ કાર્યક્રમમાં મનોરંજન 'આનંદ સંગીત' નામની સંગીતમંડળી પૂરું પાડતી. એ મંડળીના સક્રિય સભ્યોને આ ટાણે યાદ કરવા જોઈએ, મનુ ઓધવજી દાવડ્રા, હરીશ ઓધવજી દાવડ્રા, દિલીપ

જેઠવા, ચંદ્રેશ દુર્લભજીભાઈ ટંકારિયા, અરુણ ધોકિયા, મુકેશ ચાવડા, દીપક નાંઢા, કૌશિક નાંઢા વગેરે સંગીત સાથે નાચ, નૃત્ય અને પ્રેરક ગીતો પેશ કરીને શ્રોતાઓને મનોરંજન પીરસતા. એ દિવસોમાં કલાકારોને ભારતથી બોલાવવાનો વિચાર સરખો પણ આવતો નહિ અને ઘરદીવડાઓને સંસ્થા તરફથી પ્રોત્સાન મળતું હોવાથી એમને પોતાની કલા રજૂ કરવા પ્લેટફોર્મ મળી રહેતું. આ ઉપરાંત આપણી જ્ઞાતિના બીજા મંડળોના કલાકારો પણ નાચ-નૃત્યની આઈટમો રજૂ કરતા. ઈસ્ટ લંડનથી મણિલાલભાઈ ટંકારિયા પણ દિવાળી કાર્યક્રમોમાં ગીત ગઝલ ગાઈને પ્રેક્ષકોના મન બહેલાવતા.દિનેશભાઈ મકવાણાની ગઝલોની એક ડિસ્કનું લોંચિંગ બ્રેન્ટ ટાઉનહૉલમાં આપણી જ્ઞાતિએ કરેલું એ સહુને યાદ હશે.

આમ યુ.કે. નિવાસી બધાં જ્ઞાતિબંધુઓ એકજૂટ થઈ વાંઝા જ્ઞાતિની યુ.કે.ખાતેની પ્રથમ સ્થાપિત સંસ્થાને સાથ અને સહકાર આપી રહ્યા હતા પણ આપણે એ પણ ભૂલવું ન જોઈએ કે આપણા અસંખ્ય ભાઈ-બહેનો પૂર્વ લંડન, ઉતર લંડન તેમજ દક્ષિણ લંડનમાં વસવાટ કરી રહ્યા હતા અને એ વખતે મોટા ભાગના કાર્યક્રમો વેમ્બલી કે હેરોમાં થતા હોવાથી એમને આટલે દૂરથી કાર્યક્રમોમાં હાજરી આપવાનું મુશ્કેલ બનતું હોવાથી ૧૯૭૬ની સાલમાં પૂર્વ લંડનમાં 'વાંઝા મંડળ'ની વાંઝા જ્ઞાતિની સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. ત્યાર પછી દક્ષિણ લંડનની જ્ઞાતિ સંસ્થાની સ્થાપના ૨૪ ઓગસ્ટ ૧૯૯૨માં થઈ હતી અને વાંઝા સમાજની સ્થાપના ચાલીસ વર્ષ પહેલાં કરવામાં આવી હતી. અને લેસ્ટરમાં આપણી વાંઝા જ્ઞાતિનું ભવન ઓગસ્ટ ૧૯૯૫માં ખુલ્લું મુકાયું હતું. આજે કોવેન્ટ્રીમાં પણ આપણી એક સંસ્થા પોતાનું અસ્તિત્વ ધરાવે છે.

૧૯૮૦ની સાલમાં કેટલાક મિત્રો કાંતિભાઈ ગોહિલને ત્યાં ભેગા થયા હતા. આ મિત્રોમાં સર્વશ્રી કાંતિલાલ હીરજી ગોહિલ,કિશોર ઓધવજી દાવદ્રા, નવીન જમનાદાસ નાંઢા, વલ્લભદાસ વસરામ નાંઢા અને હીરાલાલ નાનજી પરમાર પ્રામુખ્યે હતા.અને આ મિત્રો આપણી જ્ઞાતિનું એક મુખપત્ર શરૂ કરવાનો પ્રમુખશ્રી પાસે પ્રસ્તાવ લઈને આવ્યા હતા. આ વિચારને મૂર્ત સ્વરૂપ આપવા પ્રમુખશ્રી કાંતિભાઈ ગોહિલ તરફથી મંજૂરી મળતાં આ કામને આગળ ધપાવવામાં આવ્યું હતું. મુખપત્રને 'વાંઝા જ્યોત' નામ આપવાનું અને તેના તંત્રી તરીકે શ્રી વલ્લભદાસ વસરામ નાંઢા અને સહતંત્રી તરીકે શ્રી હીરાલાલ નાનજી પરમારની નિયુક્તિ કરવામાં આવી હતી. એ વખતે આપણી પાસે આ મેગેઝિનની છપામણી માટે કોઈ સુવિધા હસ્તગત ન હતી પણ વલ્લભદાસભાઈ નાંઢાએ સૂચન કરેલું કે, જો કારોબારી સમિતિ ગુજરાતી ટાઈપરાઈટર મંગાવી આપે તો વાંઝા જ્યોતમાં છાપવા માટે આવેલી તમામ સામગ્રી એ ટાઈપ કરી આપશે.ભારતથી ગોડરેજ ટાઈપરાઈટર મંગવવામાં આવ્યું અને વલ્લભદાસભાઈએ ગુજરાતી ટાઈપરાઈટરની મદદથી અંક છાપવાની જવાબદરી માથે લીધી. એક જાહેર પરિપત્ર બહાર પાડી જ્ઞાતિબંધુઓને લેખો મોકલવા વિનંતી કરવામાં આવી હતી. અને ૧૯૮૦ની સાલમાં વાંઝા સોસાયટી ઓફ લંડને વેમ્બલીની કોપલેન્ડ હાઈ સ્કૂલમાં ઉજવેલા દીવાળી કાર્યક્રમમાં 'વાંઝા જ્યોત'ના પ્રથમ અંકને ભાઈશ્રી શાંતિલાલ જીવન પરમારના વરદ હસ્તે લૉંચ કરવામાં આવ્યો હતો. આ માટે એમણે વાંઝા સોસાયટી ઓફ લંડનને ૫૦૦/- પાઉન્ડનું અનુદાન એમના દિવંગત બંધુ શ્રી વિનોદભાઈ જીવન પરમારના સ્મરણાર્થે આપ્યું હતું. આજે એ ઘટનાને પણ ૪૫ વર્ષ થવા આવ્યાં છે અને 'વાંઝા જ્યોત' ૪૫ વરસથી શ્રી વલ્લભદાસ નાંઢાના તંત્રીપદ હેઠળ, શ્રી હીરાભાઈ પરમાર, શ્રી પ્રદીપભાઈ બોરખતરિયા, જયંતિભાઈ ભુંડિયા, વિનયભાઈ દુદકિયા, નરેન્દ્રભાઈ દાવદ્રા, નરસીભાઈ વાલજી પરમાર, અરુણભાઈ ટાંક,અને મધુભાઈ દિવેચા જેવા મિત્રોના સધિયારા વડે જ્ઞાતિ સમાજને રસપ્રદ સાહિત્ય અને મહત્વાપૂર્ણ જાણકારી પહોંચાડતું રહ્યું છે.

આ સિવાય ૫૦ વર્ષ દરમિયાન ધાર્મિક કાર્યક્રમો સિવાય આપણા અન્ય જ્ઞાતિ સંસ્થાઓ સાથે મિત્રતાના કેન્દ્રમાં રહી છે. રમત ગમત- જેમકે ક્રિકેટ, પિકનિક, મહિલાઓની બેઠકો અને ડિનર-ડાન્સ જેવા પ્રસંગો રચી યુ.કે.માં વસતા પરિવારો માટે યાદગાર ક્ષણો ઊભી કરી છે. યુવાનોની ભાગીદારી સાધી એમને સંસ્થાની પ્રવૃત્તિઓમાં જોડ્યા છે. સહાય અને નેટવર્કિંગ દ્વારા સભ્યોને માર્ગદર્શન અને પ્રોત્સાહન આપ્યું છે. આ ૫૦મો ઉત્સવ આપણામાં ભૂતકાળની યાદો સાથી ઉજળા ભવિષ્ય માટે પ્રેરણા આપશે. આવો આપણે સૌ સાથે મળી ગર્વપૂર્વક કહીએ: વાંઝા સોસાયટી ઓફ લંડન- ૫૦ વર્ષ એકતા, પ્રગતિ અને પરંપરાનો ઉત્સવ બનો.

** *